# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-03-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-નવસારી:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલાઓનાં જીવનધોરણમાં સુધારો લાવવા સરકારની મહત્વની યોજનાઓને ટાંકીને આજે ભારપૂર્વક જણાવ્યું કે, તેમની સરકાર મહીલા સશક્તિકરણ માટે સમર્પિત છે.**

**આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે મહિલાઓનું સન્માન વિકાસની પહેલી સીડી છે. તેમણે જણાવ્યું કે, તેમની સરકાર મહિલા સન્માનને પ્રાથમિકતા આપી રહી છે.**

**પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સરકારે દેશભરમાં હજારો શૌચાલયોનું નિર્માણ કર્યું છે, જેનાથી મહિલાઓની ગરિમા જળવાઈ છે. અગાઉ, પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. શ્રી મોદીએ પાંચ લખપતિ દીદીઓને લખપતિ દીદી પ્રમાણપત્ર એનાયત કરીને સન્માનિત કરી હતી. કાર્યક્રમમાં આશરે એક લાખ મહિલાઓ ઉપસ્થિત રહી હતી.**

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, દીકરીઓનાં ભણતર અને ગણતર માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજ્યની મહિલાઓ લખપતિ દીદી બની છે.**

**આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કચ્છી મડવર્ક ફ્રેમથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મડવર્ક ફ્રેમ કચ્છના ભુજ તાલુકાના ભારાપર ગામના સિમરન સખી મંડળના બહેનો દ્વારા તૈયાર કરવામાં આવી હતી.**

---

## આંતરાષ્ટ્રીય મહિલા દિવસ- ઉજવણી:

આજે દેશભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. 'દરેક મહિલાઓ અને બાળકીઓ માટે અધિકાર, સમાનતા અને સશક્તિકરણ'ની વિષયવસ્તુ સાથે રાજ્યમાં અને કચ્છમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની વિવિધ સ્થળોએ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભુજમાં ડિવાઇન યોગ ઇન્સ્ટિટ્યૂટ અને વિશ્વ ધર્મ સંસદ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તો ભુજ એસટી બસ ડેપોમાં મહિલા કંડક્ટર, મહિલા સફાઈ કામદાર અને સુરક્ષા કર્મીઓનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

રાપર પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસકર્મીઓએ પોલીસ મથકની તમામ કામગીરી સંભાળી હતી.

રાપર તાલુકાના ગાગોદર અને લાકડીયા પોલીસ મથકે પણ મહિલા દિવસને અનુલક્ષીને આયોજનો કરાયા હતા.

દરમ્યાન, મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ અદાણી જૂથના ખાવડા અને મુન્દ્રામાં આવેલા વિવિધ પ્રકલ્પોની દુનિયાના નવ રાષ્ટ્રોના મહિલા રાજદૂતો અને ઉચ્ચ આયુક્તોના પ્રતિનિધિ મંડળે મુલાકાત લીધી હતી.

----------------------------------------------------------------------------------------------------

## સાઈયકલ યાત્રા:

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઇએસએફ)ના 56માં સ્થાપના દિવસે લખપતથી વિશેષ સાયકલ યાત્રા શરુ થઇ છે. લખપતના ઐતિહાસિક ગઢના પ્રવેશદ્વાર ખાતે ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં આ સાઇકલયાત્રાનું ઉદ્ઘાટન કરાયું હતું.

યાત્રાના પ્રથમ તબક્કામાં, સાયકલ યાત્રા લખપતથી કોટેશ્વર અને બરંદા થઈને નલિયા પહોંચી હતી. નલિયામાં યાત્રાળુઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. કસ્તુરબા ગાંધી વિદ્યાલયની વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીત દ્વારા યાત્રાળુઓને આવકાર્યા હતા.

6553 કિ.મી.ની સાઇકલયાત્રા નવ રાજ્યમાંથી પસાર થશે. આ યાત્રા 25 દિવસ સુધી ચાલશે અને 31 માર્ચે કન્યાકુમારી ખાતે તેનું સમાપન થશે. પશ્ચિમ બંગાળના બકાલીથી પણ બીજી ટીમે આવી જ યાત્રા શરુ કરી છે.

**સાગરતટીય વિસ્તારો અંગે જાગૃતિ આવે તેવા ઉદ્દેશ્યથી યોજાઈ રહેલી યાત્રામાં 145 જવાન ભાગ લઇ રહ્યા છે, જેમાં ચાર મહિલાઓ પણ સામેલ છે. પાંચ મેડિકલ ટીમ સહિત 50 જણનો સ્ટાફ સતત તેમની સાથે રહેશે.**

---

## કચ્છી વાર્તા સં ્રહ-છાભાસનું વિમોચન:

**યુવા સાહિત્યકાર વિષ્ણુ ગોર વિશ્વાસ દ્વારા લખાયેલ કચ્છી વાર્તાસંગ્રહ છાભાસનું આવતીકાલે ભુજ ખાતે વિમોચન કરવામાં આવશે. રોટરી હોલમાં આવતીકાલે સાંજે યોજાનાર આ કાર્યક્રમમાં કચ્છ રાજપૂત ક્ષત્રિય સભાના જોરાવરસિંહ રાઠોડ, કચ્છ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ ડો.કાંતિ ગોર, આકાશવાણી ભુજના જયેશભાઈ રાવલ, કટારલેખક ડો. રમેશ ભટ્ટ, વગેરે ઉપસ્થિત રહેશે.**

---

## સમાજકાર્ય ભવનના ભુતપુર્વ વિધાર્થીઓનું સંમેલન:

**કચ્છ યુનિવર્સિટીના સમાજકાર્ય વિભાગના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અલમનાઈ એસોસિએશન દ્વારા છઠ્ઠા વાર્ષિક સંમેલનનું આજે અને આવતીકાલે આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિભિન્ન ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરેલ ભૂતપૂર્વ વિદ્યાર્થી ગણ એકત્ર થઈ પોતાના અનુભવ વહેંચશે.**

**આવતીકાલે યોજાનાર સત્રમાં વિવિધ પ્રેરણાદાથી પ્રવચનો તથા અલમનાઈ એસોસિએશન દ્વારા કરવામાં આવેલ કામગીરીનું સરવૈયું રજૂ કરવામાં આવશે તથા ભાવિ આયોજનની રૂપરેખા તૈયાર કરવામાં આવશે. આ ઉપરાંત, સમાજ કાર્યમાં વિશેષ પ્રદાન કરનારાઓનું સન્માન કરવામાં આવશે.**

---